# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૫ તા.૦૬-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજન બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૨૪૧૭૫-૮૨ તા.૦૪-૦૯-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમ લર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર ઓગષ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૫માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮માં વિજ્ઞાન વિષયની સામાયિક મૂલ્યાંકન કસોટીઓ યોજાઈ ગયેલ.

સપ્ટેમ્બર-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- સપ્ટેમ્બર માસમાં **ધોરણ ૩ અને ૪ માં પર્યાવરણ અને ગુજરાતી, ધોરણ ૫ માં હિન્દી અને ગુજરાતી તથા ધોરણ ૬ થી ૮ માં ગુજરાતી,ગણિત તથા હિન્દી** વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોકત સામાયિક મૂલ્યાંકન કસોટીઓ **તા.૨૦-૦૯-૨૦૨૧ અને તા.૨૨-૦૯-૨૦૨૧ દરમ્યાન યોજવામાં** આવનાર છે.
- તા.૧૯-૦૯-૨૦૨૧ સુધીમાં ધો.૩ થી ૫ના વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- ધોરણ ૬ થી ૮ની કસોટીઓ ઉપરોક્ત તારીખ દરમ્યાન જે દિવસે વિદ્યાર્થીઓ શાળામાં આવે તે દિવસે લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ બિલકુલ શાળામાં ન આવતા હોય તેમને ઘેર કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦-૦૯-૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ(www.gcert.gujarat.gov.in)પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટી જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પર QR કોડ પરથી પણ મેળવી શકાશે.
- ધોરણ ૩ થી ૫ ની કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે.
- કસોટી લેવાનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુકત અને તણાવમુકત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- શાળામાં ન આવતા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની કસોટીની ઉત્તરવહીઓ તા.૦૧-૧૦-૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાને લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ | ધોરણ-૬ | ધોરણ-૭ | ધોરણ-૮ |
| ૧ | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| પ્રકરણ નંબર | ૧,૨,૩ | ૧,૨,૩ | ૧,૨,૩ | ૧ થી ૬ | ૧ થી ૬ | ૧ થી ૬ |
| ૨ | પર્યાવરણ | પર્યાવરણ | હિન્દી | હિન્દી | હિન્દી | હિન્દી |
| પ્રકરણ નંબર | ૫ થી ૭ | ૫ થી ૭ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૫ |
| ૩ | -- | -- | -- | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | -- | -- | -- | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ |

નોંધ :- અન્ય માધ્યમમાં ગુજરાતીને બદલે પ્રથમભાષાની તેમજ હિન્દી માધ્યમમાં હિન્દીને બદલે દ્વિતીય ભાષા ગુજરાતીની કસોટી લેવામાં આવશે.

સમગ્ર કસોટી દરમ્યાન કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૬-૦૯-૨૦૨૧

ડૉ.અશ્વિનકુમાર ડી.ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021 / 24175-82
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**
**Web : www.gcert.gujarat.gov.in**
તારીખ : 04/ 09/ 2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર ઓગસ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮માં વિજ્ઞાન વિષયની સામયિક મૂલ્યાંકન કસોટીઓ યોજાઈ ગયેલ.

સપ્ટેમ્બર -૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ અને ૪માં પર્યાવરણ અને ગુજરાતી, ધોરણ ૫માં હિન્દી અને ગુજરાતી તથા ધોરણ ૬ થી ૮માં ગુજરાતી, ગણિત તથા હિન્દી વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૦/૦૯/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે.
- તા.૧૯/૦૯/૨૦૨૧ સુધીમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- ધોરણ ૬ થી ૮ની કસોટીઓ ઉપરોક્ત તારીખ દરમિયાન જે દિવસે વિદ્યાર્થીઓ શાળામાં આવે તે દિવસે લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ બિલકુલ શાળામાં ન આવતા હોય તેમને ઘરે કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦/૦૯/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- ધોરણ ૩ થી ૫ની કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે.

- કસોટી લેવાનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- શાળામાં ન આવતા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૧/૧૦/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-4 | ધોરણ-5 | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| પ્રકરણ નંબર | 1,2,3 | 1,2,3 | 1,2,3 | 1 to 6 | 1 to 6 | 1 to 6 |
| 2 | પર્યાવરણ | પર્યાવરણ | હિન્દી | હિન્દી | હિન્દી | હિન્દી |
| પ્રકરણ નંબર | 5 to 7 | 5 to 7 | 1 to 4 | 1 to 4 | 1 to 4 | 1 to 5 |
| 3 | ----------- | ----------- | ----------- | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | ----------- | ----------- | ----------- | 1 to 4 | 1 to 4 | 1 to 4 |

નોંધ: અન્ય માધ્યમમાં ગુજરાતીને બદલે પ્રથમ ભાષાની તેમજ હિન્દી માધ્યમમાં હિન્દીને બદલે દ્વિતીય ભાષા ગુજરાતીની કસોટી લેવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૫-A તા.૦૬-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- તા.૦૯-૦૯-૨૦૨૧ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.
સંદર્ભ:- ક્રમાંક : રાપબો/NMMS/૨૦૨૧/૭૭૪૦-૭૮૨૩ તા.૦૬-૦૯-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારા શિષ્યવૃત્તિની રકમ ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપથી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજયના NMMS યોજનાના વર્ષ ૨૦૨૧-૨૨ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે. આ કામગીરીની પદ્ધતિમાં થયેલ ફેરફાર ધ્યાને લેવા અંગેના આવશ્યક માર્ગદર્શન માટે તા.૦૯-૦૯-૨૦૨૧ના રોજ સવારે ૧૨-૩૦ કલાક થી ૧૪-૦૦ કલાક સુધી બાયસેગ દ્વારા એક ટેલિકોન્ફરન્સનું આયોજન કરેલ છે. આ ટેલિકોન્ફરન્સ શાળાના ઉત્સાહી શિક્ષક,સી.આર.સી./યુઆરસી કો.ઓ.તેમજ નોડલ તેમજ ટીપીઈઓએ આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ લીંક, ફેસબુક લાઈવ પર અચૂક નિહાળવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૪-૦૯-૨૦૨૧ શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/NMMS/2021/7740-7823
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર -૨૧, ગાંધીનગર
તા.06 /09 /2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: તા:09/09/2021 ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2021-22 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત વર્ષે આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નોડલ ઑફીસરની નિમણૂક કરી સફળતાપૂર્વક કરવામાં આવેલ હતી. આ વર્ષે કામગીરીની પદ્ધતિમાં થયેલ ફેરફાર ધ્યાને લેતા આ અંગેના આવશ્યક માર્ગદર્શન માટે તારીખ 09/09/2021 ના રોજ ના રોજ 12.30 કલાક થી 14.00 કલાક સુધી સુધી બાયસેગ દ્વારા એક ટેલિકોન્ફરન્સ આયોજન કરવામાં આવેલ છે.

આથી ઉક્ત ટેલિકોન્ફરન્સ આપની તાબાની તમામ શાળાના આચાર્યશ્રી, તે શાળાનો ટેકનોસેવી ઉત્સાહી શિક્ષક,સી.આર.સી.કો.ઓ.,બી.આર.સી. કો.ઓર્ડીનેટર,તાલુકા તેમજ જિલ્લા નોડલ તેમજ ટીપીઈઓશ્રી આ ટેલિકોન્ફરન્સ નિહાળે તેવી સુચના આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી છે. આ પ્રસારણ નીચેના માધ્યમોથી નિહાળી શકાશે.

1. વંદે ગુજરાત ચેનલ નંબર-૫ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટ્યુબ ચેનલ (લાઇવ)- https://youtu.be/4xH_IzByNSw
3. ફેસબુક પેજ (લાઇવ)- https://business.facebook.com/events/384624219843057/

| સચિવ | અધ્યક્ષ | નિયામક |
|---|---|---|
| સર્વ શિક્ષા મિશન | રાજ્ય પરીક્ષા બોર્ડ | પ્રાથમિક શિક્ષણ |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

**નકલ સવિનય રવાના જાણ સારૂ:-**

સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ બ્લોક નં.-૫/૭ નવા સચિવાલય, ગાંધીનગર